# જય જિનેન્દ્ર

વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ

Newspaper Registration No. GUJGUJ10312 •• Postal Registration No. GUJ-553 •• Vol II, Issue 6 •• September, 2003

Post Box No. 15008 Ambavadi, Amdavad 380 015 • Visit us : http://www.jainshasan.com • E-Mail : jayjinendra@jainshasan.com


# ફરી એકવાર આપણે પર્યુષણની આરાધના કરશું, જીવનને બદલવાની તકલીફ ઉઠાવ્યા વગર

રેગ્યુલર ચોસઠ પહોરી 'પોસા' કરનારાઓ ફરી એકવાર તેમ કરશે. વરસમાં એક વખત કટાસણાં ખંખેરીને માળિયામાંથી નીચે ઊતારનારા પણ એ પ્રવૃત્તિ રિપિટ કરશે. ફરી પાછું સંવત્સરી પ્રતિક્રમણ, ફરી પાછું જોર જોરથી 'મિચ્છા મિ દુક્કડં.' ફરી પાછાં છાપેલાં કાર્ડસ મોકલાશે (હવે તો 'ઈ'કાર્ડસ આવી ગયાં છે). ફરીથી સુપનની બોલીઓ *(ગયા વરસની અને એનાં આગલાં 'વરસો'ની બોલીના પૈસા નથી ભર્યા તો શું થઈ ગયું, ઓછા કંઈ ભાગી જવાના છીએ! બહુ ટેં ટેં નહીં કરવાનું, હાઆઆઆ...)*, ફરીથી હાલો હાલો હાલો મારા નંદને રે... ફરીથી એ જ જૂની પ્રશ્નોત્તરી : *"તમારે ત્યાં લક્ષ્મીજીનો ચડાવો કેટલામાં ગયો? અમારે ત્યાં તો આ વખતે 'રેકોર્ડ' ચડાવો થયો."* ફરી પાછું અડધો કિલોમિટર સુધી સંભળાય એ રીતે 'ઝંકારા...' *(પહેલી અડધી લાઈન જ હઁ કે, પછી સુરસુરિયું. હોય હવે એ તો, ઝાસ્તી ખીટપીટ નંઈ કરનેકા)*, પાંચ કર્તવ્યો, અગિયાર કર્તવ્યો, સાધર્મિક ભક્તિ (વોટ અ જૉક!), સંઘાર્ચા (રિયલી?) વગેરે વગેરે વગેરે.

વરસો વરસ પર્વાધિરાજ આવે છે અને આપણે એકદમ તાનમાં આવી જઈએ છીએ. જ્યાં મુનિવરોનાં ચોમાસાં નથી હોતાં ત્યાં છેલ્લી ઘડીએ મહારાજ સાહેબને "પજુસણ કરાવવા 'પકડી' લાવવાના" ફાંફાં મારવાનાં ચાલુ કરી દઈએ છીએ. 'સારા' *(એટલે કેવા? રામ જાણે)* 'મહારાજ' મળી જાય તો ઠીક, નહીં તો *'અડધી ઈન્કમ આપી દઈશું, લઈ જજો ને યાર...'* એમ કરીને પણ ક્યાંકથી ઝાલી લાવવાના! 'પજુસણ'ની આરાધના (પાછી જૉક!) કરવાનો સવાલ છે ભાઈ! *(બેસ છાનોમાનો, જૂની કમિટીવાળા લોહી ન પી જાય એ બી જોવું પડે કે નહીં! અમારા વખતમાં તો એં, ચોમાસું બેસે ને, ત્યારથી મહારાજ સાહેબને 'બુક કરી લેતા,' તમે નવી કમિટીવાળાઓ તો આ શ્રાવણ વદ દસમ થઈ ગઈ તોય મહારાજ સાહેબને લાવી શક્યા નથી. આવતા ઈલેક્શનમાં વાત!)*

પર્યુષણની સાચી આરાધના કલ્પસૂત્રનાં પાનાંઓની વચ્ચે રહી ગઈ છે. ઉપાશ્રયો પર્યુષણમાં જૂના હિસાબો (બોલીના નહીં, આપસના) ચુક્તે કરવાના અખાડા બની ગયા છે. 'મિચ્છા મિ દુક્કડં' તો સ્નેહીઓ માટે અનામત રહી ગયું છે. ઘરડી 'મા' બિચારી ગામડે *(સોરી સોરી, વેરી સોરી, વૃદ્ધાશ્રમમાં, અમારીયે ભૂલ થાય હઁ કે, પણ એ તો અમે સુધારી લઈએ તરત)* દમ અને ખાંસીની દવા વિના તરફડે છે અને એના દીકરાઓ ચૈત્યપરિપાટીમાં ગરીબોનાં ઝૂંપડાઓમાં આપવા માટે લાડુ બનાવવાનું ફંડ ઉઘરાવવામાં પડ્યા છે *(આ બિચારા ગરીબોમાં કેવી શાસનપ્રભાવના થાય! બાપડા કો'ક દા'ડો શાસન પામી જાય)*.

કોઈ કોઈ ભાવનાશીલ ભોળા મુનિરાજ પાટ ઉપરથી સાધર્મિક ભક્તિની કથા સંભળાવશે : *પેલા શ્રાવકે મજબૂરીના માર્યા શેઠનો હાર ચોર્યો અને પછી છે ને, તે, પેલા શેઠે જ હાર ચોરનારને આર્થિક મદદ કરી.* અને પછી તો સાધર્મિક ભક્તિના એવા આદર્શો રજૂ થાય, એવા આદર્શો રજૂ થાય કે એ સાંભળીને ભોળી ભોળી માવડીઓ વ્યાખ્યાનમાં ધ્રુસકે ચડે. અલી માવડી, આ આધુનિક શ્રેષ્ઠી છે એ વાત તું ભૂલી ગઈ? હવે તો *બખડજંતર કો-ઓપરેટિવ બેન્ક* (લાગતું વળગતું નામ જાતે જોડી દેવું. અમે કાયદાથી બહુ જ બીએ)ના ચેરમેનપદે બેઠેલા ટ્રસ્ટીનો જમાનો આવી ગયો છે જે ગરીબ બિચારી વિધવા, ત્યક્તા, ઘરઢી ડોશીઓ, ઘરઢા પેન્શનરો ('સિનિયર સિટિઝન' એમ બોલીએ તો જરા સારૂં લાગે)ના પૈસે પેટ્રોલના કૂવા જેવી 'સિએલો' ફેરવતો હોય (સચિનવાળા બનાવ પછી હવે સિએલોની જગ્યાએ 'ફેરારી' વાંચવું, એમ તો અમને બધી મોંઘી મોંઘી કારનાં નામ આવડે). અમારા આત્મારામભાઈના કહેવા મુજબ, આ *બખડજંતર કો-ઓપરેટિવ બેન્ક*નો ચેરમેન (લોકો મજાકમાં 'ચોરમેન' કેમ કહેતા હશે?), ડાયરેક્ટર, એમ. ડી. એવો આધુનિક શ્રેષ્ઠી આખરે તો સાધર્મિક ભક્તિ જ કરે છે. પોતાના કુટુંબીઓ, મિત્રો (વાંકદેખાઓ 'ચમચા' શબ્દ વાપરે છે), સાળાઓ, બનેવીઓ, જમાઈઓ વગેરે શું 'સાધર્મિક' નથી એમ આપણે કહી શકશું ખરા? કરોડોની લોનો મંજૂર કરીને, એ બિચારા સાધર્મિકોને થાળે પાડવાની એમની પણ કોઈ નૈતિક જવાબદારી ખરી કે નહીં?

કોઈક જમાનામાં સાત વરસ જૂનું મોપેડ ફેરવતો, ગરીબીના ખાડામાંથી બહાર નીકળેલો 'સાધર્મિક' પછી તો લક્ષ્મીજી (ચોથું સુપન, ધેટ ઈઝ)નો ચડાવો બમણા જોરથી જ બોલશે ને! બેન્કના ચૂકવશું ત્યારે દેરાસરનાયે ચૂકવી દઈશું. કોના આપ્યા તે દેરાસરવાળા રહી ગયા! બેન્ક આપણા બાપાની છે તો દેરાસરેય ક્યાં બીજાનું છે! આપણા સાળાનો સાળો ટ્રસ્ટી કે પ્રમુખ હોય એટલે બહુ થઈ ગયું. દેરાસરની પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં તો ચડાવા પણ અંદરોઅંદર વહેંચી લેવાના હોય છે. વરસમાં એકવાર આખરે પજુસણ જેવું પણ કંઈક હોય છે!

અને *બખડજંતર કો-ઓપરેટિવ બેન્ક*માં ડૂબી ગયેલા જૈન સંઘોના પૈસા માટે જવાબદાર કોણ? એ પ્રશ્ન ન તો મહારાજ સાહેબ ટ્રસ્ટીને પૂછશે કે ન તો ટ્રસ્ટી એનો જવાબ પણ આપશે. અડધી ઈન્કમ કંઈ મહારાજ સાહેબને એમને એમ થોડી જ મળી જાય છે!

'કર્યાં પર્યુષણનાં પારણાં ને વાસ્યાં ઉપાશ્રયનાં બારણાં' એમ પાછા હોંશે ને હોંશે આપણે જ બોલીશું. શાબ્બાશ. વહેલાં આવે બીજા વરસનાં પજુસણ. ફરી એ જ કથા. આનો આ આર્ટીકલ આવતા પર્યુષણમાં જેમનો તેમ રિપિટ કરી દઈએ તો લાંબો ફેર નહીં પડે, એમાં ઉમેરવા માટે એકાદ બે મુદ્દા વધ્યા હશે એટલું જ.

આ રીતે પજુસણ ન થાય મારા વીરા...

## જય જિનેન્દ્ર દ્વારા ભવ્ય ઇનામી પરીક્ષા. જુઓ પાના નં. ૫

# ભગવાન મહાવીરનો ઐતિહાસિક અભિગ્રહ, ચંદનબાળા દ્વારા પારણું અને કથામાં પ્રવેશી ગયેલી એક બહુ મોટી વિકૃતિ

પ્રતિવર્ષ પર્વાધિરાજ પર્યુષણ આવે છે. પ્રતિવર્ષ કલ્પસૂત્રનાં પ્રવચનો થાય છે. દરેક ક્ષેત્રમાં બિરાજમાન મુનિવરો પોતપોતાની અનુભૂતિ પ્રમાણે અને પોતપોતાના ક્ષયોપશમ પ્રમાણે કલ્પસૂત્રનું વિવરણ કરીને શ્રોતાઓને જિનવાણીમાં તરબોળ કરવાનો ઉદ્યમ કરે છે.

ભગવાન મહાવીરનું જીવન કલ્પસૂત્રનો મોટો હિસ્સો રોકે છે. કલ્પસૂત્રની વૃત્તિના માધ્યમથી શ્રોતાઓ સમક્ષ ભગવાન મહાવીરના જીવનનાં વિવિધ પાસાંઓનું નિદર્શન કરવામાં આવે છે. એમાં ભગવાન મહાવીરની અપ્રતિમ તપસ્યાનું દર્શન એ એમના જીવનનું મહત્ત્વનું અંગ છે.

ભગવાન મહાવીરની કઠોર તપશ્ચર્યાનું વર્ણન આપણે સાંભળીએ છીએ ત્યારે અહોભાવ જાગ્યા વિના નથી રહેતો. કેવી વિકટ પરિસ્થિતિ, કેવા પ્રતિકૂળ સંયોગો અને કેવા આકરા નિયમો. આપણી જેમ સૂંઠની રાબ, લીંબુનાં પાણી, સ્વાદિષ્ટ મગ અને એવી અન્ય કોઈ સુવિધા નહીં. આજે કરેલા ઉપવાસનું આવતી કાલે પારણું થશે કે નહીં તે પણ નક્કી ન હોય. જો નિર્દોષ ગોચરી મળે તો પારણું, નહીં તો ફરી પાછો ઉપવાસ. અને પારણું એટલે? જે સમયે જે મળ્યું તે ખરૂં. આપણી જેમ ન કોઈ નખરાં, ન કોઈ ફરિયાદ. *મગમાં મીઠું નહોતું ને રાબમાં ગોળ ઓછો હતો. સૂંઠની ગોળી વધારે તીખી હતી અને એમાં પીપરીમૂળ તો હતાં જ નહીં.*

ભગવાન મહાવીરના ઉપવાસમાં લાંબા થઈને સૂઈ જવાની વાત ક્યાંય ન આવે. ક્યારેક તો કઠોર અભિગ્રહોય હોય. એ અભિગ્રહો એવા હોય કે જેની ગંધ સુદ્ધાં કોઈને ન હોય. એવા તો કંઈ કેટલાયે ઉપવાસ ભગવાન મહાવીરે કર્યા.

ભગવાનના અભિગ્રહોની વાત આવે એટલે ચંદનબાળા દ્વારા જેનું સમાપન થયું હતું તે અભિગ્રહની યાદ તાજી થાય. અભિગ્રહ તો જાણીતો જ છે. પણ તેને પ્રસંગના સંદર્ભમાં સંક્ષેપમાં જોઈ લઈએ.

ભગવાન મહાવીર એકવાર મેંઢીય ગ્રામથી વિહાર કરીને કૌશાંબી નગરીમાં પધાર્યા. આ વખતે ભગવાને કઠોર અભિગ્રહ ધારણ કર્યો. પોષ વદ એકમનો એ દિવસ હતો (આપણા ગુજરાતી પંચાંગ પ્રમાણે માગસર વદ એકમ સમજવી).

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવ એ અવસ્થાઓને કેન્દ્રમાં રાખીને લેવાયેલો એ અભિગ્રહ આ રીતનો હતો :

૧. દ્રવ્યથી અડદના બાકળા હોય, એ બાકળા પણ પાછા સૂપડાના ખૂણે હોવા જોઈએ,

૨. ક્ષેત્રથી આપનાર વ્યક્તિનો એક પગ ઊંબરાની અંદરની બાજુએ હોય અને બીજો બહારની તરફ હોય,

૩. કાળથી ગોચરીની વેળા પતી ગઈ હોય અને

૪. ભાવથી કોઈ રાજકન્યા દાસત્વને પામી હોય, તેનું મસ્તક મૂંડેલું હોય, તે શરીરે બંધનગ્રસ્ત અવસ્થામાં હોય, તેણે ત્રણ દિવસથી કંઈ ભોજન ન કર્યું હોય, તે રુદન કરતી હોય, તે મને ભિક્ષા આપે તો લેવી.

આ અભિગ્રહ ધારણ કર્યા પછી ભગવાને કૌશાંબી નગરીમાં વિચરવાનું ચાલુ રાખ્યું. તેઓ નિયમિત ગોચરી લેવા જતા પરંતુ તેમના અભિગ્રહ મુજબની ગોચરી તેમને મળતી નહીં. આમ ને આમ ચાર મહિના વ્યતીત થઈ ગયા. એક દિવસ ભગવાન નંદા શ્રાવિકાના ઘરે ગોચરી વહોરવા ગયા. નંદા કૌશાંબી નગરીના મહામંત્રી સુગુપ્તની પત્ની હતી અને ભગવાન પાર્શ્વનાથની પરંપરાની શ્રાવિકા હતી. નંદાએ અત્યંત રાજી થઈને ભગવાનને ગોચરી વહોરાવવાની તૈયારી કરી પરંતુ ભગવાન તો કશું લીધા વિના જ પાછા ફરી ગયા. નંદા ખૂબ નિરાશ થઈ અને રડવા બેઠી. આ વખતે તેની દાસીઓએ નંદાને કહ્યું : 'ભગવાનશ્રી તો છેલ્લા ચાર માસથી કંઈ જ લેતા નથી અને જેના ઘરે જાય છે તેના ઘરેથી આ રીતે જ પાછા ફરી જાય છે.' નંદા તો આ સાંભળીને વધારે ખિન્ન થઈ. રાજકાજથી પરવારીને ઘરે આવેલા પોતાના પતિનો તેણે રીતસર ઉધડો લીધો : 'તમે તે કેવા મહામંત્રી છો, ભગવાનના મનમાં શું છે તે જાણી તો શકતા નથી. ચાર ચાર મહિનાથી ભગવાને શા માટે કંઈ વાપર્યું નથી એટલું પણ તમે જાણી ન શકતા હો તો તમારી બુદ્ધિને શું કરવાની.' મંત્રીને પણ આ જાણીને આંચકો લાગ્યો. તેણે આશ્વાસન આપ્યું અને ભગવાન પારણું કરે તે માટેના પ્રયત્નો ચાલુ કરી દીધા. કૌશાંબીના રાજવી શતાનીક સુધી વાત પહોંચી. રાજા અને મંત્રીએ ભેગા મળીને જાત જાતના ઉપાયો કર્યા. ગોચરી માટે કેવા કેવા સંભવિત નિયમો હોઈ શકે તે પોતાની પ્રજાને સમજાવ્યું અને ભગવાનને કોઈ પણ હાલતમાં પારણું કરાવવા તાકીદ કરી. પરંતુ કોઈ પણ રીતે ભગવાનના મનની વાત જાણી શકાઈ નહીં અને તેમનો અભિગ્રહ પૂર્ણ થયો નહીં. હવે તો ભગવાને અભિગ્રહ કર્યો તેને પાંચ માસ અને ઉપર પચ્ચીસ દિવસ વ્યતીત થઈ ગયા હતા. સમગ્ર નગરના લોકો ચિંતાતુર બની ગયા હતા.

અને એ દિવસ પણ આવી ગયો જેની સૌને પ્રતીક્ષા હતી.

ભગવાન મહાવીર તે દિવસે ધન્ય શ્રેષ્ઠીના ઘરે પધાર્યા. રાજકુમારી ચંદના ત્રણ દિવસથી કશું ખાધા પીધા વિનાની પોતાના પાલક પિતા ધન્ય શ્રેષ્ઠીની રાહ જોઈને ઊભી હતી. ધન્ય શ્રેષ્ઠી શંકાનો ભોગ બન્યા હતા અને તેની સજા નિર્દોષ એવી ચંદનાને થઈ હતી. ધન્યની પત્નીએ ચંદનાનું માથું મૂંડી નાખીને તેને બેડીઓ પહેરાવીને ભોંયરામાં પૂરી દીધી હતી અને દાસદાસીઓને પોતપોતાના ઘરે રવાના કરી દઈને પોતે પણ પિયર ચાલી ગઈ હતી. ચંદનાની ભાળ મેળવતાં અને સાચી સ્થિતિ જાણતાં ધન્યને ત્રણ દિવસ લાગી ગયા. ઓરડાઓ તો શ્રેષ્ઠીએ જેમ તેમ ખોલ્યા, પરંતુ ચંદનાના શરીર ઉપરની બેડીઓ ખોલવી તેનાથી શક્ય ન બની. બેડીઓ તો તૂટે તો જ ચંદના બંધનમુક્ત બની શકે. આવી સ્થિતિમાં ઘરમાં ખાવાનું તો શું હોય! ઢોરો માટે રાંધેલા બાકળા જ માત્ર હાથવગા હતા. ભૂખ્યા માણસ માટે તો આવા વખતે તે પણ સુખડી તુલ્ય જ બની રહે. 'તું ત્રણ દિવસથી ભૂખી તરસી છે અત્યારે તો આ જ ખાઈ લે' ધન્ય શ્રેષ્ઠીએ દુભાતા હૈયે સૂપડાના એક ખૂણામાં ચંદનાને બાકળા ખાવા આપ્યા. વાસણ પણ ક્યાં હાથવગાં હતાં!

ચંદનાને ખાવાનું આપીને બેડીઓ તોડવા માટે ધન્ય શ્રેષ્ઠી લુહારને બોલાવવા ગયો અને આ તરફ ભગવાન તેના ઘરના દ્વારે આવી પહોંચ્યા.

અહીં ભગવાનના સર્વ અભિગ્રહો પૂર્ણ થતા હતા.

૧. દ્રવ્યથી સૂપડાના ખૂણે અડદ હતા.

૨. ક્ષેત્રથી પ્રભુને ભોજન આપવા માટે ચંદના એક પગ ઊંબરાની અંદર અને બીજો પગ બહાર કરીને ઊભી હતી.

૩. કાળથી ગોચરીની વેળા પતી ગઈ હતી અને

૪. ભાવથી મૂળ રાજકન્યા એવી ચંદના દાસત્વને પામી હતી, તેનું મસ્તક મૂંડેલું હતું, તે શરીરે બંધનગ્રસ્ત અવસ્થામાં હતી અને તેણે ત્રણ દિવસથી કંઈ ભોજન પણ કર્યું નહોતું.

હવે વાત રહી રુદનની.

અત્યારે પ્રચાર પામેલી અને વિકૃત થઈ ચૂકેલી કથા કહે છે કે ચંદનાની આંખમાં એ વખતે આંસુ નહોતાં તેથી પોતાનો અભિગ્રહ અધૂરો રહેતો હોવાથી ભગવાન ત્યાંથી પાછા ફરી ગયા. પછી ચંદનાનું રુદન સાંભળીને પાછા આવ્યા અને હવે બધા અભિગ્રહો પૂરા થતા હોવાથી તેમણે ગોચરી વહોરી અને આ રીતે તેમનો અભિગ્રહ સમાપ્ત થયો.

અસલમાં આ પ્રસંગ આમ છે : ભગવાનને જ્યારે ગોચરી આપવાનો અવસર આવ્યો ત્યારે ચંદનાને એવો વિચાર આવ્યો કે અરે, હું કેવી કમનસીબ કે મારે આજે છ છ મહિનાના આવા મહાતપસ્વીને બીજું કંઈ નહીં ને અડદના બાકળા આપવાનો અવસર આવ્યો. જો મારી સાથે આ દુર્ઘટના ન બની હોત તો મેં ભગવાનને કેવી સુંદર વસ્તુઓ વહોરાવી હોત! ભગવાને છેલ્લા પાંચ માસ અને પચ્ચીસ દિવસથી કંઈ વહોર્યું નહોતું એ વાત ચંદનાના ખ્યાલમાં હતી જ. અને એથી જ જો પોતાના હાથે તેમનો અભિગ્રહ સમાપ્ત થવાનો હોય – જે તેણે જીવનમાં કદી કલ્પ્યું પણ ન હોય – તો આવા દીર્ઘ તપસ્વીને શું વહોરાવવું જોઈએ તેની સમજણ તેને હોય જ. સાથોસાથ પોતાની વિકટ પરિસ્થિતિના કારણે પોતાની સમજણ મુજબ તે વરતી શકે તેમ નથી અને આવા મહાતપસ્વીને આવી તુચ્છ વસ્તુ વહોરાવવી પડે છે એ વાત પણ તેની માટે વેદનાજનક હોય જ.

આજના સંદર્ભમાં જોઈએ તો એક સાવ સામાન્ય કોટીના મુનિરાજ ઘરે વહોરવા પધાર્યા હોય અને તેઓએ કોઈ વિશિષ્ટ તપસ્યા પણ ન કરી હોય, છતાં ઘરમાં વહોરાવવા માટે આકસ્મિક કારણોસર કોઈ સુયોગ્ય વસ્તુ ન હોય અને સાવ સાધારણ વસ્તુ એક સાવ સાધારણ મુનિરાજને વહોરાવાની પરિસ્થિતિ ઊભી થાય તો આ યુગની શ્રાવિકા પણ કેવો અફસોસ કરે છે તે તો સેંકડો મુનિજનોનો અનુભવ હોઈ શકે છે.

અહીં વહોરનાર પરમોચ્ચ પાત્ર છે. પાછા તે પાંચ માસ અને પચ્ચીસ દિવસના ઉપવાસી છે. વહોરાવનારને આ બાબતનો પાકો ખ્યાલ પણ છે. વહોરાવનાર ખુદ તદ્ભવમોક્ષગામી આત્મા છે. તો આવા સમયે તેના મનની સ્થિતિ કેવી હોય? એવા વખતે તેની આંખમાં આંસુ ન હોય એ આખી વાત જ હાસ્યાસ્પદ છે.

બીજી વાત, તીર્થંકર એક વાર વહોર્યા વિના પાછા ફરી ગયા તે પાછું વાળીને જુએ જ નહીં. તેમના પગ તો ઊપડી ગયા તે ઊપડી ગયા. એ દિવસે તો એ પાછા ન જ ફરે. તીર્થંકરનો તેવો આચાર જ નથી. 'મારા ન વહોરવાના કારણે પેલી રડી કે નહીં' આવી છીછરી બાબતમાં તીર્થંકર જેવી મહાન વ્યક્તિ પડે જ નહીં.

ચંદનાના આંસુના મુદ્દાને મનોવિજ્ઞાનની રીતે પણ તપાસીએ. ત્રણ ત્રણ દિવસથી કોઈ રાજકુમારી બંદીખાનામાં હોય, શરીરે બંધનગ્રસ્ત અવસ્થામાં હોય, તેની ઉપર પોતાના પિતા તુલ્ય અને ઉદાર મનવાળા ધન્યશ્રેષ્ઠી જેવા સજ્જનશિરોમણિ માટે ન કલ્પેલા ન વિચારેલા આરોપ હોય, આવી અપમાનભરી સ્થિતિમાં શું કોઈ કોમળ દિલવાળી કન્યા અશ્રુવિહોણી હોઈ શકે? આજીવન ગુનાખોરીમાં સંડોવાયેલી કાળમીંઢ પથ્થર જેવો સ્વભાવ ધરાવનારી એવી કોઈ મહિલાને માત્ર એક દિવસની જેલ થાય છે એવા સંયોગોમાં પણ એની આંખમાં ધડધડ ધડધડ આંસુ વહેતા હોય છે. એથી વિપરીત જીવનમાં ગુના જેવા શબ્દનો જેને પરિચય નથી થયો એવી અને નાની વયમાં જ વિકટ સંયોગોમાં માતા પિતાને ગુમાવી ચૂકેલી બાળિકા અત્યારે જે સ્થિતિમાં મૂકાયેલી છે એ સ્થિતિમાં તેની આંખોમાં આંસુ સ્વાભાવિક રીતે જ હોય. આ વાતને સમજવા માટે આપણે આપણી પોતાની જાતને બે ક્ષણ માટે ચંદનાની જગ્યાએ મૂકીને જોવી જોઈએ.

લોકવ્યવહાર, તીર્થંકરોનો વ્યવહાર અને મનોવિજ્ઞાન એ રીતે આ ઘટનાને તપાસ્યા પછી હવે તેને શાસ્ત્રીય અને ઐતિહાસિક રીતે તપાસીએ.

ભગવાન મહાવીરના પ્રસ્તુત કઠોર અભિગ્રહ અંગેનો જૂનામાં જૂનો ઉલ્લેખ આવશ્યકચૂર્ણિમાં છે. ત્યાં *ચંદનાની આંખમાં આંસુ ન હોવાથી ભગવાન વહોર્યા વિના પાછા ફર્યા પછી ચંદના રડી એટલે ભગવાન પાછા પધાર્યા* એવા ઉલ્લેખનું નામનિશાન નથી. પ્રથમ આગમન વખતે જ ચંદનાની આંખમાં આંસુ હતાં તેવો સ્પષ્ટ ઉલ્લેખ ત્યાં છે.

સૂરિપુરંદર શ્રી હરિભદ્રસૂરિએ રચેલી આવશ્યકસૂત્ર ઉપરની વૃત્તિમાં પણ આ પ્રસંગે ભગવાન મહાવીર ચંદનાને ત્યાં પ્રથમ વાર પધાર્યા ત્યારે જ તેની આંખમાં આંસુ હતાં તેવું સ્પષ્ટ કથન છે. કલિકાલસર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય રચિત ત્રિષષ્ટિશલાકાપુરુષચરિત્ર કે જેમાં ચોવીસે તીર્થંકરોનાં જીવનચરિત્રો વિસ્તારથી ઉપલબ્ધ છે ત્યાં પણ ભગવાન મહાવીરના જીવનના નિરૂપણ પ્રસંગે *ચંદનાની આંખમાં આંસુ ન હોવાથી ભગવાન પાછા ફર્યા* એવો કોઈ ઉલ્લેખ નથી. આ ઉપરાંત મહાવીરચરિયં (આચાર્ય નેમિચંદ્ર), મહાવીરચરિયં (આચાર્ય ગુણચંદ્ર), ચઉપ્પન્નમહાપુરિસચરિયં વગેરે પ્રાચીન અને પ્રામાણિક ગ્રંથોમાં જ્યાં જ્યાં ભગવાન મહાવીરનાં જીવનચરિત્રો છે ત્યાં ત્યાં તેમના પ્રથમ આગમને જ ચંદનબાળાની આંખોમાં આંસુ હતાં તેવું સ્પષ્ટ વિધાન છે.

ઉત્તરકાળમાં જૈન સંઘમાં કલ્પસૂત્રનો પ્રચાર અને મહિમા વધતાં તેની ઉપર જે વૃત્તિઓ લખાઈ તેમાં સૌથી વિદ્વત્તાપૂર્ણ વૃત્તિ ઉપા. ધર્મસાગર ગણીની છે. કિરણાવલિ નામની આ વૃત્તિમાં પણ ભગવાન મહાવીરના જીવનના નિરૂપણના અવસરે ભગવાન મહાવીર ચંદનાને ત્યાં પધાર્યા અને તેણે આંસુભીની આંખે ભગવાનને બાકુળા વહોરાવ્યા એવું સ્પષ્ટ વિધાન છે. આંસુના અભાવે ભગવાનનું પાછા ફરવું, પછી ચંદનાનું રડવું અને તે જોઈને ભગવાનનું ફરીથી આવવું વગેરે બાબતોનું નામનિશાન ત્યાં નથી.

તો પછી મૂળ કથામાં આ વિકૃતિ કેવી રીતે દાખલ થઈ? પૂર્વોક્ત ઉપા. ધર્મસાગર ગણીની કિરણાવલિ વૃત્તિના નેવુ ટકા બેઠા ઊતારા જેવી ઉપા. વિનયવિજય ગણીની સુબોધિકા વૃત્તિમાં સર્વપ્રથમ વાર આ વિકૃતિએ પ્રવેશ કર્યો. ઉપા. વિનયવિજય ગણીએ કથાને બહેલાવવા માટે, શ્રોતાઓને જકડી રાખવા માટે અથવા તો કથામાં નવા રંગો પૂરવા માટે કદાચ આમ કર્યું હોય તે બની શકે. પરંતુ આમ કરવા જતાં, ચંદનાને, ભગવાન મહાવીરને, તીર્થંકરોની આચારસંહિતાને અને ઐતિહાસિક સચ્ચાઈને એટલું ગંભીર નુકસાન થયું છે કે વરસોવરસો સેંકડો મુનિવરો દ્વારા આ વિકૃત કથા પર્યુષણ દરમ્યાન પાટ ઉપરથી કહેવાતી રહી છે. ખૂબીની વાત તો એ છે કે સુબોધિકા વૃત્તિ લખાઈ છે જ ઉપા. ધર્મસાગર ગણીની કિરણાવલીને ઊતારી પાડવા માટે. કારણ કે એમાં ઠેકાણે ઠેકાણે તેમણે ઉપા. ધર્મસાગર ગણીની અણછાજતી ટીકા કરી છે એટલું જ નહીં, બહુશ્રુત એવા ઉપા. ધર્મસાગર ગણીની ઠેકડી પણ તેમણે ઊડાડી છે. વિધિની વક્રતા તો જુઓ. ઉપા. ધર્મસાગર ગણીની ભૂલો કાઢવાનો યજ્ઞ આદરીને બેઠેલા એવા ઉપા. વિનયવિજય ગણી ખુદ એવો લોચો મારી બેઠા કે જેના કારણે ભગવાન મહાવીરની સમગ્ર કથા જ વિકૃત બની ગઈ!

આમ આ વિકૃત કથાનાં મૂળ ઉપા. વિનયવિજય ગણીની સુબોધિકા વૃત્તિમાં મળે છે. આ પૂર્વેના કોઈ ગ્રંથમાં ભગવાન મહાવીરના પ્રસ્તુત અભિગ્રહ અંગે આ પ્રકારની વિકૃતિનાં દર્શન થતાં નથી. દરેક સ્થળે અમે ઉપર જણાવી આવ્યા તે પ્રકારની જ કથા છે. સુબોધિકામાં જણાવાયા મુજબની અને પાછળથી પ્રચાર પામેલી નહીં. મૂળ કથામાં પ્રવેશી ગયેલી આ વિકૃતિ અંગે વિદ્વાન મુનિવરોએ પોતાનાં પ્રવચનોમાં સ્પષ્ટતા કરવી જ જોઈએ.

## *ચંદનબાળા સંબંધિત પ્રસંગને પ્રાચીન અને પ્રામાણિક ગ્રંથોના પ્રકાશમાં સારી રીતે સમજીએ અને કથામાં પ્રવેશી ગયેલી વિકૃતિને દૂર કરીએ*

# જગતી :

## દેરાસરને ઊંચાઈ આપતી રચના

■ કુ. ચૈતાલી શાહ

લેખાંક : બે

દેરાસરની રચનામાં પ્લિન્થ અર્થાત્ જગતીનું આગવું મહત્ત્વ છે. આ જગતી થકી દેરાસરને એક ઊંચાઈ મળે છે.

દેરાસરમાં જતો માનવી એ અનુભવ કરે તે જરૂરી છે કે તે સમાજથી, દુનિયાથી, માયાથી ઉપર ઊઠતો જાય છે. દુન્યવી પરિસ્થિતિથી ઉપર આવવાની પ્રક્રિયામાં આ જગતી મહત્ત્વનો ભાગ ભજવે છે. આ જગતી સામાન્ય રીતે એક માળ જેટલી ઊંચી હોય છે અને તે ચઢતાં સ્વાભાવિક રીતે શ્રમ લાગે. આ શ્રમની અનુભૂતિ જ પ્રભુ તરફ જવાની અને દુનિયાથી પર થવાની ભાવનાના દઢીકરણમાં મહત્ત્વની ગણાય છે. જેમ જગતી ઊંચી તેમ શ્રમ વધુ અને જેમ શ્રમ વધુ તેમ પ્રભુ પ્રત્યે જવાની ભાવના વધુ દઢ. આવું સમીકરણ દેરાસરની રચનાના તત્ત્વજ્ઞાનમાં પ્રયોજાય છે.




*વિસ્તૃત જગતીમાં આવતા વિવિધ ભાગોની ઓળખ*

ઊંચી જગતી ચઢતાં જે શ્રમ પડે તેનાથી એક સ્વાભાવિક ક્રિયા પણ થાય – આ શ્રમને કારણે દર્શનાર્થીનું મન આજુબાજુ ભટકતું અટકે અને ''હવે ક્યારે પહોંચાશે'' તે વાત જ મનમાં વાગોળાયા કરે. પાલીતાણા ગયેલાં જૈન ભાઈ-બહેનોને ખબર હશે કે પાલીતાણા ચઢતાં જે શ્રમ અનુભવાય તેનાથી સહજમાં જ દુન્યવી વિચારો બાજુમાં ધકેલાઈ જાય. આમ પણ એક લૌકિક માન્યતા પ્રમાણે ભગવાન ઉપર આકાશમાં બિરાજે છે ને! આ પ્રભુ પાસે પહોંચવા ઉપર જવું જ પડે ને! અને જેટલા ઉપર જઈએ તેટલા પ્રભુની વધુ પાસે!

ટૂંકમાં જગતી થકી દેરાસરમાં માનવીનો તે ક્ષણ પૂરતો દુનિયા સાથેનો સંબંધ ક્રમશઃ લુપ્ત થતો જાય છે અને દૈવી શક્તિની આરાધના તરફ તેનું ધ્યાન કેન્દ્રિત થતું જાય છે.

***ઉપર રહેલા પ્રભુ સુધી પહોંચવા માટે થોડોક પરિશ્રમ તો કરવો જ પડે ને!***

જગતી આમ તો વિવિધ કોતરણીવાળા સમતલ ગોઠવેલા પથ્થર પર ટાંકી બનાવાય છે પણ ક્યારેક તેમાં જગતી-મંડપ, કક્ષાસન, ગોખ વગેરેની પણ રચના કરાય છે. આ જગતીના સામાન્ય રીતે છ પ્રકાર વર્ણવાયા છે : વીરભદ્રા, સુપતાકા, પૂર્ણચંદ્રા, ભદ્રિકા, જયા, અજિતા, અપરાજિતા, દેવપુર,



*જગતી થકી ધાર્મિક સ્થાનને એક 'ઊંચાઈ' મળે છે.*

ગજમાંદી તથા રાજપુર. આ ભેદ સામાન્ય રીતે જગતીના સ્વરૂપ તથા તેના વિસ્તારને આધારે પડાયા છે, જેની ચર્ચા અહીં અસ્થાને છે. સામાન્ય રીતે જગતી સમચોરસ કે લંબચોરસ હોય છે. પણ તે ગોળ, લંબગોળ, અષ્ટકોણીય, ષોડશકોણીય કે બત્રીસકોણીય પણ હોઇ શકે. ઘણીવાર જગતી તારક આકારની પણ જોવા મળે છે.

જગતીની રચનામાં પ્રતીકાત્મક રીતે ફૂલપાન, અશ્વથર, ગજથર, નરથર જેવા સમતલ થર રચવામાં આવે છે. આમાં અધ્યાત્મની દૃષ્ટિએ જે નીચા સ્થાને હોય તેમના થર નીચેના ભાગમાં રખાય છે. જગતી પરના પગથિયાં પર ચડતો માનવી આવા થર ક્રમશઃ પસાર કરતાં કરતાં આધ્યાત્મિકતાનાં સોપાન ચઢતો ચઢતો પ્રભુ સુધી પહોંચી શકે તેમ અહીં પ્રતીકો દ્વારા દર્શાવાયું છે. આમ જગતીની રચનામાં ભૌતિક ઊંચાઈ કરતાં પ્રતીકાત્મક રજૂઆત મહત્ત્વની બની રહે છે.

દશ્ય અનુભૂતિની દષ્ટિએ જગતી થકી દેરાસરના મૂળ માળખાને એક મંચ મળે છે. દેરાસર સામાન્ય રીતે દળદાર તથા ભવ્ય હોય છે. તેની ભવ્યતાને પોતાના પર ટેકવી શકે તે માટે જગતી પણ ભવ્ય તેમજ દળદાર હોય તે જરૂરી છે. ૧૦-૧૨મીટર ઊંચા દેરાસર માટે ૪૦-૫૦ સેન્ટિમિટર ઊંચી પ્લિન્થ કેવી હાસ્યાસ્પદ લાગે તે તો આપ સમજી જ શકો. આમ પણ જગતીની ઊંચાઈ પ્રાસાદની સમગ્ર ઊંચાઈના પ્રમાણમાં નક્કી કરાય છે. જેમ પ્રાસાદ ઊંચો તેમ જગતી ઊંચી. આવી પ્રાસાદની ઊંચાઈના માપ પ્રમાણે બનાવાયેલ જગતી પ્રાસાદના પ્રમાણમાપ સાથે સંવાદિતા સ્થાપી શકે.

જગતી એ દેરાસરનો મંચ છે. જેના પર દેરાસરની રચના કરાય છે.



*દેરાસરની ચારે બાજુની પ્લિન્થ ઊંચી કરી દેવાથી જગતીની દશ્ય અનુભૂતિ લુપ્ત થાય છે.*

# જય જિનેન્દ્ર દ્વારા ભવ્ય ઇનામી પરીક્ષા

જય જિનેન્દ્ર દ્વારા એક ભવ્ય ઇનામી પરીક્ષાનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ આયોજનના ભાગરૂપે લવાજમ ભરીને નોંધાયેલા જય જિનેન્દ્રના વાચકોને વિનામૂલ્યે અને અન્ય પરીક્ષાર્થીઓને પાંચ રૂપિયાનું મૂલ્ય લઈને એક પ્રશ્નપત્ર આપવામાં આવી રહ્યું છે.

સો માર્ક્સનું આ પ્રશ્નપત્ર સંપૂર્ણ 'ઑબ્જેક્ટિવ' પ્રકારનું છે. દરેક પ્રશ્નની સાથે ચાર ચાર વિકલ્પો સૂચવવામાં આવ્યા છે, જેમાંથી પરીક્ષાર્થીએ એક સાચા વિકલ્પને શોધીને તેને ટિક કરવાનો છે. કોઈ પરીક્ષાર્થી જો સોએ સો ટકા સાચા જવાબો લાવશે તો તેને જય જિનેન્દ્ર તરફથી મળશે સમ્મેતશિખરની યાત્રા માટેની ટિકીટ અને આ પરીક્ષાર્થી માટે વધારે ખુશીના સમાચાર એ છે કે તેના પરિવારમાંથી કોઈ એક સ્વજનને યાત્રાર્થે સાથે લઈ જવા માટે એક એક્સ્ટ્રા ટિકીટ આપવામાં આવશે. આ સાથીદાર તરીકે વાલી, વારસ અથવા જીવનસાથીને લઈ જઈ શકાશે. એટલે કે માતા/પિતા/ભાઈ/બહેન/પુત્ર/પુત્રી/પતિ/પત્ની એમાંથી કોઈ પણ એક.

સોએ સો ટકા સાચા જવાબો લાવનાર જો એકથી વધુ હશે તો તેવી સ્થિતિમાં ઇનામનું વિતરણ ડ્રૉ દ્વારા કરવામાં આવશે. આ બાબતમાં કોઈ સાથે સવાલ-જવાબ, દલીલબાજી કે પત્રવ્યવહારમાં ઊતરવામાં નહીં આવે.

પ્રશ્નપત્ર ભરીને ૩૦ સપ્ટેમ્બર, ૨૦૦૩ પહેલાં જય જિનેન્દ્ર કાર્યાલયને મળી જવું જોઈએ. પરીક્ષાનું પરિણામ જય જિનેન્દ્રના ડિસેમ્બરના અંકમાં જાહેર કરવામાં આવશે. અન્ય ઇનામો તેમ જ શરતો અંગેની વિગતવાર માહિતી જય જિનેન્દ્રના વાચકોને આ અંક સાથે બીડેલા હેન્ડબીલમાં મળી રહેશે.

# ગ્રહદશા અને તેનું ફળ

પૂજ્ય સાધ્વી શ્રી જિતપૂર્ણાજી મહાસતીજી

**લેખાંક આઠમો**

## દશાધિપતિ કેતુ કઈ રાશિમાં હોય તો કેવું ફળ આપે?

### મેષ

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં મેષરાશિમાં હોય તેને કેતુ મહાદશાકાળમાં પશુધનનો નાશ, સ્થાવર મિલકત ગુમાવવાનો વખત આવે, રાજાઓ (સત્તાધીશો) સાથે ક્લેશ, પદચ્યુતિ, ઘરબારનો નાશ (વર્તમાન સમયમાં કોર્ટ-કચેરીનાં કાર્યોમાં નિષ્ફળતા મળવાથી ઘર તેમજ સ્થિરસંપત્તિનો નાશ થાય એવું સમજવું) ઉપરાંત સ્વજનવર્ગથી કષ્ટ ભોગવવું પડે. આવાં અશુભફળો પ્રાપ્ત થાય છે.

### વૃષભ

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં વૃષભરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં હીરા-રત્નો જેવા મૂલ્યવાન ઝવેરાતમાં વૃદ્ધિ થાય છે, ધન-ધાન્ય, વસ્ત્ર, આભૂષણો, જમીન-મકાન વગેરેનો લાભ થાય છે. શત્રુઓ ઉપર વિજય, યુદ્ધમાં જય, તીર્થસ્નાનનો અવસર, વિદ્વદ્જનોમાં આદર, બહુમાન તેમજ યજ્ઞ આદિ પવિત્રકાર્યોથી કાર્યસિદ્ધિ જેવાં શુભફળ મળે છે.

### મિથુન

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં મિથુનરાશિમાં હોય તેને કેતુ મહાદશાકાળમાં ગો, અશ્વ જેવા પશુધનનો લાભ, વાહનનો લાભ, ગામનું મુખીપદ કે નગરના સરપંચપદની પ્રાપ્તિ, બુદ્ધિમાન, કીર્તિમાન, વિનયશીલ બનવા જેવાં ઉત્તમ ફળ પ્રાપ્ત થાય છે.

### કર્ક

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં કર્કરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં સ્વસ્થાનનો નાશ તેમજ પશુધનનાશ જેવાં અશુભફળ મળે છે તથા ગંગાસ્નાન, મંત્રસિદ્ધિ, મોતી, કીમતી રત્નોના સમૂહની પ્રાપ્તિ જેવાં શુભફળ પણ મળે છે.

### સિંહ

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં સિંહરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં નગરના અધિપતિથી મિત્રતા, રાજસભામાં સન્માન, વેદશાસ્ત્રોમાં વિદ્વત્તા, શાસ્ત્રાર્થ-વાદમાં કુશળતા, ગાયકવૃંદ તેમજ નૃત્યાંગનાઓથી ગોષ્ઠી કરવાનો મોકો મળવા જેવાં શુભફળ પ્રાપ્ત થાય છે.

### કન્યા

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં કન્યારાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં જમીન-જાયદાદની હાનિ તેમજ સ્ત્રીસુખનો નાશ, રાજકોપ (સરકારથી મુસીબત) અગ્નિભય, શસ્ત્રભય, ધર્માચરણ, દાન વગેરે કાર્યથી હીન, નીચ કૃત્ય કરવા જેવાં અશુભફળ મળે છે.

### તુલા

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં તુલારાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં ધનલાભ, પત્ની-પુત્ર-મિત્રોથી સુખાનુભવ, બંધુજનોથી મિલન થાય વગેરે શુભફળ મળે છે.

### વૃશ્ચિક

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં વૃશ્ચિકરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં પત્નીનો વિયોગ, માનભંગના પ્રસંગો, ધન-ધાન્ય, જમીન-જાયદાદનો નાશ તેમજ જાતકના શત્રુઓની ચડતી થવા જેવાં અશુભફળ પ્રાપ્ત થાય છે.

### ધન

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં ધનરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં રાજાથી મિત્રતા (પ્રધાનમંત્રી, ગર્વનર, જેવા સત્તાધીશો સાથે મૈત્રી સંબંધ), વિશાળ ભૂમિલાભ, સુવર્ણ, મણિ વગેરેનો લાભ તેમજ શાસ્ત્રાર્થમાં સંધાન, બુદ્ધિમાં કુશળતા જેવાં શુભફળ મળે છે.

### મકર

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં મકરરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં પત્નીને પીડા, દરેક કાર્યોમાં વિઘ્નબાધાઓ, પુત્રનાશ વગેરે અશુભફળ મળે છે.

### કુંભ

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં કુંભરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં મોટો ભય, બંધુવર્ગમાં પરસ્પર ક્લેશ, વિષભય, શસ્ત્રભય તથા જારસ્ત્રીથી ભય વગેરે અશુભફળ મળે છે.

### મીન

જે જાતકનો દશાનાથ કેતુ મૂળકુંડળીમાં મીનરાશિમાં હોય તેને કેતુમહાદશાકાળમાં વિદ્યામાં અભિવૃદ્ધિ, કીર્તિ અને સન્માનની પ્રાપ્તિ, વસ્ત્ર-ધાન્યનો લાભ, રથ વગેરે વાહનની સવારી, હાથીની અંબાડી ઉપર આરોહણ કરવાનો અવસર પ્રાપ્ત થાય છે.

---

અમે જોયું કે અહીં પહાડ, પાણી અને વનસ્પતિ જ સર્વત્ર છે. અહીં વિષય-કષાયનો ચેપ લાગવાનો અવકાશ જ ભાગ્યે છે. જો આવા સ્થાનમાં રુચિ લાગે તો આત્મચિંતન અને પરમાત્મસ્મરણમાં ખૂબ સહેલાઈથી ડૂબી જવાય એવો ભાસ થયો.

*

....સ્કુલના પ્રિન્સીપાલે પહેલાં તો ઊતરવા માટે જગ્યા આપવાની ના જ પાડી. સાધુસંતોને જગ્યા આપીએ છીએ, પછી એ લોકો અશુચિ કરીને અમારા કંપાઉન્ડને બગાડી નાખે છે.

અમે ગુજરાતમાંથી જેસલમેર ગયા અને જેસલમેરથી પોખરણ-રામદેવપીર-ફલોદી-ઓસિયા-નાગોર-બિકાનેર-દિલ્હી-હસ્તિનાપુર થઈ હરિદ્વાર આવ્યા ત્યાં રસ્તામાં મોટા ભાગે સ્કુલમાં જ ઊતરવાનું થાય. ત્યાં સ્કુલવાળાની આ જ ફરિયાદ હોય છે. તેથી ઊતરવાની જગ્યા મેળવતાં બહુ મુશીબત પડે છે. સાધુ-સાધ્વીઓએ આ બાબતમાં ખૂબ જ ઉપયોગ રાખવાની જરૂર છે. લોકોને અશુચિ તરફ ખૂબ નફરત હોય છે. એકની ભૂલને કારણે બધાને ભોગવવું પડે છે. માટે સાધુ-સાધ્વીઓએ જ્યાં ઊતર્યા હોય ત્યાં કંપાઉન્ડમાં ક્યાંયે અશુચિ કરવામાં ન આવે તેનો ખાસ ખ્યાલ રાખવો જરૂરી છે. અમે ખૂબ ખૂબ ખાતરી આપી પછી બછેલીખાલની સ્કુલના પ્રિન્સીપાલે અમને ઊતરવાની મંજૂરી આપી...

*– પૂજનીય શ્રમણપુંગવ શ્રી જંબૂવિજયજી મહારાજ*

'હિમાલયની પદયાત્રા'*માં પોતાના વિહારોના અનુભવોનું આલેખન કરતાં*

# આપનું પુસ્તક મળ્યું

**● મિચ્છા મિ દુક્કડં**

*પ્રકાશક : જોનાથન લિવિંગ્સ્ટન કોર્પોરેશન*
*બી ૬૫, નંદનવન વિભાગ ૨, જોધપુર, સેટેલાઈટ, અમદાવાદ ૩૮૦ ૦૧૫*
*મૂલ્ય : ૨૨ રૂપિયા*

'મિચ્છા મિ દુક્કડં' જેવા ભાવવાહી વિષય ઉપરની નાનકડી પુસ્તિકાનું આ એક તદ્દન નવા જ પ્રકારનું પ્રકાશન છે. છાપેલાં પરંપરાગત કાર્ડસ કરતાં તે એક નવી જ ભાત પાડે છે. શીર્ષકમાં જણાવેલા વિષયને અનુરૂપ ગાથાઓ અને સૂત્રાત્મક કણિકાઓ આગમ ગ્રંથોમાંથી ચૂંટીને અહીં આપવામાં આવી છે. સાથોસાથ તેના અંગ્રેજી અને ગુજરાતી અનુવાદો પણ મૂક્યા છે. પાને પાને સુંદર ચિત્રાંકનોના કારણે પુસ્તિકાના વિષયરૂપ સોનામાં સુગંધ ભળી છે. પ્રાચીન હસ્તપ્રતિઓના અનુકરણ જેવાં ચિત્રો વાચકનું મન મોહી લેશે તેમાં શંકા નથી.

પ્રકાશકનો આ પ્રકારનો કદાચ આ પ્રથમ પ્રયોગ હશે તેમ લાગે છે, કારણ કે અંગ્રેજી ભાષાના સ્પેલિંગો બાબતે આપણી ગુજરાતી પ્રજા જેટલી ચીવટ રાખે છે એટલી પોતાની ભાષાઓ પ્રત્યે નથી રાખતી એ ખામી અહીં પણ દેખાઈ આવે છે. શ્લોકોનું શુદ્ધીકરણ મન દઈને નથી થયું. આગમિક સાહિત્યનો ઉપયોગ કરવો હોય ત્યારે તો શુદ્ધિ માટેની ચીવટ અનિવાર્ય ગણાય. અંગ્રેજી અનુવાદમાં પણ ક્યાંક કચાશ રહી છે. દાખલા તરીકે જ્ઞાની માટે અહીં 'Wise man' શબ્દ વાપર્યો છે અને સાધક માટે પણ એ જ શબ્દ વાપર્યો છે! ડાયાક્રિટિકલ સિમ્બોલ્સમાં પણ ખામીઓ છે. દાખલા તરીકે તાપસ માટે 'Tapasa' અને બ્રાહ્મણ માટે 'Brâhmana.' આવા વિરોધાભાસ ટાળવા માટે માત્ર થોડી ચીવટની જ જરૂર હોય છે. કોઈ પણ શાસ્ત્રાધારિત પુસ્તકોનાં પ્રકાશનો જ્ઞાની ગુરુઓની નજર તળેથી નીકળવાં જ જોઈએ. ઉપરાંત શ્લોકો દેવનાગરી લિપિમાં અને તેના નંબરો રોમન લિપિમાં લખવા પાછળનું લોજિક પણ ન સમજી શકાય એવું છે!

બાય ધ વે, પુસ્તિકાનું નામ પણ 'મિચ્છામિ દુક્કડમ્' નહીં પરંતુ 'મિચ્છા મિ દુક્કડં' હોવું જોઈતું હતું. જૈનો પોતાનાં જ સૂત્રોને ક્યારેય સાચી રીતે લખી શકતા નથી એ અનુભવ વારંવાર થાય છે. ડૉ. રમણલાલ સી. શાહ અને ડૉ. જિતેન્દ્ર બી. શાહ જેવા નામાંકિત વિદ્વાનોના હાથે 'conceive' અને 'compile' થયેલા સાહિત્યમાં આવી ક્ષતિઓ હોય ત્યારે તે જરા વધારે ખટકે. સંસ્કૃત અને અર્ધમાગધી ભાષાના તફાવતોને સમજવાની ચીવટ રાખીશું તો જ આવી સર્વસામાન્ય ભૂલોથી આપણે બચી શકીશું. આશા છે કે આ પુસ્તિકાના પુનર્મુદ્રણ વખતે ઉપર્યુક્ત ક્ષતિઓ સુધારી લેવામાં આવશે.

ગમે તેમ, પણ આવા સુંદર પ્રયત્નો થતા રહેવા જોઈએ અને આવા સાત્ત્વિક સાહિત્યનું પ્રકાશન પણ વારંવાર થતું રહેવું જોઈએ. પ્રકાશકોનો આ પ્રયત્ન અત્યંત સ્તુત્ય અને આવકારદાયક છે. પર્વાધિરાજ પ્રસંગે મોકલાતા ચીલાચાલુ અને અર્થ વિનાના કાર્ડસના બદલે પ્રસ્તુત પુસ્તિકા મોકલવાની ભલામણ કરવાનું મન જય જિનેન્દ્રને થઈ જાય છે.

આ પ્રકારનું પ્રકાશન કરનારાઓને પ્રોત્સાહન અને બળ પૂરું પાડવું એ આપણા સૌની ફરજ બની રહે છે.

● ● ●

**● સામાયિક ભાવ**

*લેખક : ડૉ. રશ્મિકાન્ત શાહ*
*પ્રકાશક : કેવલી ફાઉન્ડેશન, ૨, રાજદીપ, કસ્તૂરબા રોડ નં. ૧,*
*બોરીવલી (પૂર્વ) મુંબઈ ૪૦૦ ૦૬૬*
*મૂલ્ય : ૨૫ રૂપિયા*

દર વરસે, પર્યુષણ પર્વની આસપાસ એક નવું પ્રકાશન આપવાની પ્રણાલિકા કેવલી ફાઉન્ડેશને જાળવી રાખી છે. ડૉ. રશ્મિકાન્ત શાહ દ્વારા અપાયેલાં પ્રવચનોને પુસ્તકરૂપે પ્રકાશિત કરવાનો કેવલી ફાઉન્ડેશનનો ઉપક્રમ 'સામાયિક ભાવ'ના પ્રકાશન દ્વારા ચાલુ રહ્યો છે.

પ્રસ્તુત પુસ્તકમાં સામાયિક અંગેનું ચિંતન રજૂ થયું છે. સામાયિક શબ્દની વિવિધ અર્થછાયાઓ ઉપર પ્રકાશ પાડતાં લેખકે પોતાના પુસ્તકમાં વિવિધ ધર્મગ્રંથોમાંથી પ્રાસંગિક રીતે ઉપયોગી એવાં ઉદ્ધરણો પણ આપ્યાં છે. સામાયિક કેવી રીતે કરવું, કેવી રીતે ન કરવું, સામાયિકમાં શું થાય, શું ન થાય વગેરે મુદ્દાઓ અંગે સુંદર સમજૂતી આપવામાં આવી છે. દ્રવ્ય સામાયિક અને ભાવ સામાયિક અંગે ઊંડી છણાવટ કરતાં ડૉ. શાહ શ્રોતાઓને એક સવાલ કરે છે : *'તમે હજાર સામાયિક કરો કે હજાર પ્રતિક્રમણ કરો કે દસ હજાર વાર ભગવાનની પૂજા કરો કે લાખો રૂપિયાનું દાન કરો છતાં તમારો સંસાર પૂરો થતો નથી. શા માટે?'* થોડી વાર અટકીને તેઓ જ તેનું સમાધાન આપે છે : *'કારણ કે આપણને રોજ ધૂળમાં આળોટવાની ટેવ છે.... કારણ કે આપણે રોજ નવાં કર્મો બાંધ્યા જ કરીએ છીએ.... કારણ કે આપણે રોજ મલિન થયા જ કરીએ છીએ....'*

અને એક મહત્ત્વનો પ્રશ્ન : *'આપણું સામાયિક બરાબર થયું કે નહિ એ કેવી રીતે ખબર પડે? આપણી સફળતાનો માપદંડ ક્યો છે?'* શ્રી શાહે ઉપસ્થિત કરેલા આ પ્રશ્નનો ઉત્તર મેળવવા માટે વાચકોએ 'સામાયિક ભાવ' પુસ્તક વાંચવું જ રહ્યું.

પૂજ્ય વિદ્વદ્વર્ય મુનિરાજ શ્રી મિત્રાનંદસાગરજી મહારાજે આ પુસ્તકને આવકારતાં યોગ્ય રીતે જ લખ્યું છે : *'સમત્વ તો ઉત્તુંગ શિખર છે સાધનાનું અને આ સમત્વનું આરંભબિન્દુ એ જ આ સામાયિકભાવ છે. મૂળ વાત જગાડનારાની છે. ડૉ. રશ્મિકાન્ત શાહ તો વરસોથી સૌને જગાડવા માટે ધૂણી ધખાવીને બેઠા જ છે.'* અમે પણ એ વાતમાં અમારો સૂર પૂરાવીએ છીએ.

## કલ્પસૂત્રની સામાચારીમાંના કેટલાક રસપ્રદ અંશો

ગ્લાન સાધુનું વૈયાવૃત્ય કરનાર સાધુ વહોરવા જાય ત્યારે ગ્લાન પૂરતું મળી ગયા પછી વધારે ગ્રહણ ન કરે. ખપ પૂરતું મળી ગયા પછી પણ ગૃહસ્થ એમ કહીને વધારે વહોરાવે કે 'ગ્લાન મુનિએ વાપરતાં વધે તો આપ વાપરજો અથવા અન્ય મુનિને આપજો' તો જ સાધુને વધારે લેવું કલ્પે, અન્યથા ન કલ્પે.

*

ગ્લાનના માટે લાવેલ આહાર વગેરે [સામાન્ય મુનિઓની] માંડલીમાં લાવવું નહીં.

*

''ચોમાસું રહેલા સાધુઓને તથાપ્રકારનાં અનિંદનીય ઘરો, કુલો કે જેઓ પ્રીતિપાત્ર હોય, સ્થિરતાવાળાં હોય, વિશ્વાસપાત્ર હોય, જ્યાં સર્વ સાધુઓનો પ્રવેશ સમ્મત હોય, જેને ઘણા સાધુઓ ઈષ્ટ હોય અથવા જ્યાં ઘરના ઘણા મનુષ્યોને સાધુઓ સમ્મત હોય, જ્યાં દાનની આજ્ઞા દઈ રાખી હોય, અથવા સર્વ સાધુઓ પ્રત્યે સમાનભાવ હોય, જ્યાં નાનો સાધુ પણ ઈષ્ટ હોય, 'મોઢું જોઈને ટીલું કરવાનો જ્યાં રિવાજ ન હોય,' એવા ઘરમાં ન જોયેલી વસ્તુ અંગે આ રીતે પૂછી ન શકાય : હે આયુષ્મન્, તમારે ત્યાં અમુક અમુક વસ્તુની જોગવાઈ હશે ખરી?''

''હે ભગવન્, આપ એવો નિષેધ શા માટે કરો છો?''

''એટલા માટે કે તે શ્રદ્ધાળુ શ્રાવક સાધુ પ્રત્યેની ભાવનાના કારણે નવી વસ્તુ ખરીદી લાવે અથવા તો કદાચ તે ચોરી પણ લાવે. માટે તેમ કહેવાનો નિષેધ કરવામાં આવે છે.''



# છેવટ સારૂં તેનું સૌ સારૂં. ગયા અંકમાં પોતાના દિલની વ્યથા રજૂ કરનારા મુનિવરના ગુરુજનો 'લાઇન ઉપર' આવી ગયા!

*જય જિનેન્દ્ર*ના ગયા અંકમાં અમે એક મુનિવરનો વ્યથાસભર પત્ર પ્રગટ કર્યો હતો એ સંદર્ભમાં અમને તે જ મુનિવરનો એક પત્ર ફરીથી મળ્યો છે. *જય જિનેન્દ્ર*ને આનંદ છે કે એ મુનિરાજના પ્રશ્નનો ઉકેલ એક માસમાં જ આવી ગયો છે. આઠ આઠ વરસથી તેમની વાત કાને ન ધરનારા અને સાચી ફરિયાદ ન સાંભળનારા વડીલો એકાએક સક્રિય થઈ ગયા અને મુનિરાજની ફરિયાદનું નિરાકરણ લાવી દીધું. દરેક સમુદાયમાં નાના મોટા બનાવો બનતા જ હોય છે, પરંતુ દરેક સમુદાયના ગચ્છાધિપતિ આદિ મુનિવરો અને તેમના પરંપરાગત શ્રાવકો સાવ છેલ્લા પાટલે બેસી જાય એવા નફફટ નથી હોતા એટલું તો આ બનાવમાંથી ફલિત થાય છે જ. મુનિરાજના વિગતવાર પત્રના મહત્ત્વના અંશો તેમના જ શબ્દોમાં :

*"મેં આપને લખેલો પત્ર આપે જય જિનેન્દ્ર માં પ્રગટ કર્યો તે પછી તરત જ અમારા સમુદાયમાં ભાગદોડ ચાલુ થઈ ગઈ છે. વાત આગળ ન વધે અને મેં આપને પત્રમાં લખેલી બાબત અંગે વધારે ઊહાપોહ ન જાગે તે માટે બધા કામે લાગી ગયા છે. મારા ગુરુને તો જય જિનેન્દ્ર નો અંક (ઓગસ્ટ, ૨૦૦૩) વાંચતાં જ ઝાટકો લાગ્યો અને તેમણે તરત જ મારી સાથે એ મુદ્દે વાત કરી.*

*'તારે આવું બધું કરવાની શી જરૂર હતી?,' 'થવાનું હતું તે થઈ ગયું' વગેરે કાલાવાલા ચાલુ થઈ ગયા. જે ગચ્છાધિપતિ મારી વાત કાને ધરવા તૈયાર નહોતા તેમણે પણ મને સામેથી પત્ર લખીને તેમના અંગત શ્રાવકને મોકલીને પૂછાવ્યું કે આ પત્ર તેં લખ્યો છે? પહેલાં તો મને ડર લાગ્યો, પરંતુ પછી મેં મન મક્કમ કરીને હા પાડી દીધી. સાથોસાથ કહેવડાવી પણ દીધું કે મારી વિનંતીના કારણે જ જય જિનેન્દ્ર ના સંચાલકોએ મારૂં કે આપણા સમુદાયનું નામ પ્રકાશિત કર્યું નથી. હવે જો મારી વાત ઉપર ધ્યાન નહીં આપો તો હું જય જિનેન્દ્ર ને મારૂં, મારા ગુરુનું નામ પણ પ્રગટ કરવાનું કહી દઈશ.*

*આપે મારો પત્ર પ્રકાશિત કરીને મારા ઉપર ઘણો ઉપકાર કર્યો છે. મને તો એ અંગે બિલકુલ આશા નહોતી. એટલું જ નહીં, આપે મારૂં નામ ગુપ્ત રાખીને મારી આબરૂ પણ બચાવી અને મારી ફરિયાદ પણ સાંભળી. હું આપનો ખૂબ ખૂબ આભારી છું.*

*જય જિનેન્દ્ર માં આ બધું આવ્યા પછી મારા ગચ્છાધિપતિએ આ ચોમાસા પછી મને અમારા પરિવારના બીજા સુયોગ્ય સાધુઓની નિશ્રામાં રાખવાની ગોઠવણ કરી આપી છે. મારાં સંસારી માતાજી પણ આ ઘટનાક્રમથી રાજી થયાં છે. તેઓ કદાચ આપને મળવા અને વંદન કરવા આવશે.*

*હું આપનો અને જય જિનેન્દ્ર ના સંચાલકોનો ખૂબ ખૂબ આભાર માનું છું. આ બધું આપના કારણે જ શક્ય બન્યું. આપની નિર્ભયતાને મારી લાખ લાખ સલામ છે. હાલમાં તો મારો પ્રશ્ન પતી ગયો છે તેમ મને લાગે છે. આપે મને સાથ આપ્યો તેથી જ આ વાત શક્ય બની, નહીં તો મારી સાચી વાત પણ કોઈ સાંભળત જ નહીં.*

*જય જિનેન્દ્ર ના સંચાલકોને પણ મારા વતી ધર્મલાભ કહેશો, જેમણે મારો પત્ર પ્રકાશિત કરવાની હિંમત કરી."*

આદરણીય મુનિવરનાં ચરણોમાં વંદન સાથે જણાવવાનું કે *જય જિનેન્દ્ર*ને આ સુકૃતના સહભાગી બનવાનો અવસર મળ્યો તેને અમે અમારા જીવનની ધન્ય પળ માનીએ છીએ. આપે અમારો આભાર માનવાનો ન હોય. અમે તો આપના સેવકો છીએ. આપનાં ચરણોમાં વંદન.

– તંત્રી : જય જિનેન્દ્ર

## જય જિનેન્દ્ર

**વિચારશીલ જૈનોનો વિચારશીલ અવાજ**

*જય જિનેન્દ્ર* દ્વારા અવારનવાર વિવિધ ચર્ચાઓનું આયોજન થતું રહે છે. જૈન સંઘના વિવિધ પ્રશ્નોને *જય જિનેન્દ્ર* દ્વારા જે રીતે વાચા આપવામાં આવે છે તેનાથી સમાજના પ્રશ્નો અંગે જાગૃતિ કેળવાય છે.

આપણા સંઘમાં તપશ્ચર્યા એ હમેશાં એક અનેરી બાબત બની રહે છે. જૈન ધર્મની વિશિષ્ટતા જ તેની તપશ્ચર્યા છે. અન્ય સમાજોમાં પણ આપણી તપશ્ચર્યાને અત્યંત અહોભાવથી જોવામાં આવે છે.

હવે મૂળ મુદ્દા ઉપર આવીએ. આજકાલ ઘણા પુણ્યવાનો પર્વાધિરાજ પર્યુષણ દરમ્યાન 'ભાવના અને શક્તિ હોવા છતાં' એટલા માટે તપશ્ચર્યા નથી કરી શકતા કે તેઓ 'વ્યવહાર કરવામાં' પહોંચી શકે એમ નથી હોતા. અઠ્ઠાઈ કે એથી મોટું તપ કર્યું હોય તો 'વહેવાર' તો કરવો જ પડે! આ વહેવારે એક પ્રથાનું રૂપ ધારણ કરી લીધું છે.

આવી સ્થિતિમાં 'આત્મકલ્યાણ માટે તપ' એ ભાવનાનો વીંટો વળી ગયો છે અને 'વહેવાર માટે તપ' એ માનસિકતા ઘર કરી ગઈ છે. *ફલાણા ભાઈના તપ વખતે આપણે લઈને બેઠા હતા, હવે આપણા તપ વખતે એમને કંઈ ન આપીએ તો કેમ ચાલે?* આવા પ્રશ્નો ઉપસ્થિત થતા જોવાય છે.

*જય જિનેન્દ્ર*ના વાચક તરીકે આપ આ મુદ્દે શું વિચારો છો? આ દૂષણને કઈ રીતે દૂર કરી શકાય? શું વહેવાર ન કરી શકાય તેવી સ્થિતિ હોય તો છતી શક્તિ અને છતી ભાવનાએ પણ તપ નહીં કરવાનું? કે પછી જેને જે લાગવું હોય તે લાગે, તપ તો કરવું જ જોઈએ? આપ આ મામલે શું વિચારો છો? શું આ સમસ્યાનો આપની પાસે કોઈ ઉકેલ છે? તો ઉઠાવો કલમ અને સૂચવો ઉપાય.

શ્રેષ્ઠ પત્રલેખકને મળશે *જય જિનેન્દ્ર* દ્વારા ૧૦૦ રૂપિયાનો પ્રોત્સાહક પુરસ્કાર. પત્ર આ સરનામે લખશો : *જય જિનેન્દ્ર* પોસ્ટ બૉક્સ નં. ૧૫૦૦૮, આંબાવાડી, અમદાવાદ ૩૮૦ ૦૧૫.

## ધ લાસ્ટ બાઇટ...

**બોધપાઠ**

કાર્યસિદ્ધિ માટે રાત દિવસ રચ્યાપચ્યા રહેવું એ જ સાચો ઉપાય છે. ઈશ્વરની મદદ તો આપોઆપ મળી આવશે.

– *તીર્થેશ્વર વિદ્યાલંકાર*

•

**સ્પંદન**

જીવનની સમી સાંજે મારે, જખમોની યાદી જોવી 'તી;
બહુ ઓછાં પાનાં જોઈ શક્યો, બહુ અંગત અંગત નામ હતાં.

– *'સૈફ' પાલનપુરી*

•

**ના હોય!**

અસ્તકીર્તિ : 'આ બૅન કિંગ્સ્લેનો ફોટો અહીં શા માટે મૂક્યો હશે?'
શૈલુ : 'ડિયર, એ બૅન કિંગ્સ્લેનો ફોટો નથી, મહાત્મા ગાંધીનો ફોટો છે. સમજ પડી?'

## !! अहो कार्टुनम्



*હું તો આ ગુનાખોરીની દુનિયાથી કંટાળી ગયો છું. જ્યારે જુઓ ત્યારે પોલીસનાં ચક્કર. મારે શું કરવું તે જ મને તો સમજાતું નથી.*

*સાવ સરળ રસ્તો છે. તું કોઈ આચાર્યનો ચેલો થઈ જા. પછી જો કેવી લીલાલહેર થઈ જાય છે! તારા બધા ગુના માફ થઈ જશે!*



Printed, Published and Owned by Nirved Acharya, 68 Niharika Bungalows, Nr. Azad Society, Ambavadi, AMDAVAD 380 015
Printed at Shivkrupa Offset Printers, 27 Amrut Industrial Estate, Nr. Dudheshvar Water Tank, Amdavad 380 004